નં.ડીએમ/પરીક્ષા/૨૫૦૩/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા. ૨૭/૦૩/૨૦૨૩

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ

આગામી તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત ગુજકેટ પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે

જામનગર શહેર કુલ-૧૨ પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂ રીતે લેવાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા સમય દરમ્યાન બંધ રહે તેમજ પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ, ઈલેક્ટ્રોનિક સાધનો, સાયન્ટીફીક કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ તેમજ અન્ય અનાધિકૃત સાહિત્ય વિગેરે લઈ જવા પર પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરના તા.૨૦/૦૩/૨૦૨૩ ના પત્ર નં.પરક્ષ/ગુજકેટ-૨૩/જાહેરનામું/૨૦૨૩/૩૪૮૪-૮૫ થી દરખાસ્ત મળેલ છે જે મને વ્યાબી જણાય છે.

તેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો: જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ** મને મળેલી સતાની રૂઈએ ફરમાવુ છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નકકી કરાયેલા **પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના** વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/ અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ **તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક સુધી** તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેક્ટ્રોનિક સાધનો, સાયન્ટીફીક કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ તેમજ અન્ય અનાધિકૃત સાહિત્ય વિ. સાથે પ્રવેશ કરવો નહી.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર એ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ) ની કલમ-૧૮૮ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭ માહે : માર્ચ-૨૦૨૩ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :-
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, જામનગર

નકલ રવાના :-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર
૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)
૪. મામલતદારશ્રી, જામનગર(શહેર)
૫. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર

...ઉકત જાહેરનામાંની વધારાની નકલો કરાવી સંબંધકર્તા પરીક્ષા કેન્દ્રો પર પ્રસિધ્ધ કરી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.

૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...ઉકત જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની બે નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર.

...ઉકત હુકમની અખબારી યાદી રૂપે રાજકોટ તેમજ જામનગરથી પ્રસિધ્ધ થતા દૈનિક વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધી અપાવવા સારૂ.

૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર

... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ

૯. સિલેકટ ફાઈલે

આ કચેરીના તા.૨૭ /૦૩/૨૦૨૩ ના જાહેરનામાં નં.ડીએમ/ પરીક્ષા/૨૫૦૩/૨૦૨૩ નું

## પરિશિષ્ટ

જામનગર

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા/ કેન્દ્ર નું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું |
|---|---|---|
| ૧ | શ્રી સજુબા સરકારી ગર્લ્સ સ્કુલ યુનિટ–૧ તથા યુનિટ–૨ | રણજીત રોડ, જામનગર |
| ૨ | શ્રી ડી.એસ.ગોજીયા હાઈસ્કુલ | અંબર સિનેમા સામે, આહીર બોર્ડીંગ કંપાઉન્ડ, જામનગર |
| ૩ | શ્રી એ.બી. વિરાણી ક.વિ. | રણજીતનગર, લેઉવા પટેલ સમાજ પાસે, જામનગર |
| ૪ | શ્રી જી.એસ. મહેતા ક. વિ. | વિકાસ ગૃહ રોડ, જામનગર |
| ૫ | શ્રી ડી.સી.સી. હાઈસ્કુલ | સાત રસ્તા, જામનગર |
| ૬ | શ્રી નેશનલ હાઈસ્કુલ | ખંભાળીયા ગેટ પાસે, જામનગર |
| ૭ | ભવન્સ એ.કે.દોશી વિદ્યાલય | મહિલા કોલેજ કમ્પાઉન્ડ, જામનગર |
| ૮ | સેન્ટ આન્સ હાઈસ્કુલ | પી.એન. માર્ગ, પટેલ કોલોની, જામનગર |
| ૯ | શ્રી એલ.જી. હરીયા સ્કુલ | ઈન્દિરા માર્ગ, જનતા ફાટક પાસે, જામનગર |
| ૧૦ | સેન્ટ ઝેવિયર્સ સ્કુલ | પી.એન. માર્ગ, જામનગર |
| ૧૧ | સેન્ટ ફ્રાન્સિસ સ્કુલ | પી.એન. માર્ગ, જામનગર |

Office of the District Magistrate, જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા), सत्यमेव जयते, ગુજરાત રાજ્ય, Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર